આકાશવાણી, અમદાવાદ

24-04-2026 Midday: 2.30 to 2.35 pm

FRIDAY Regional News

## ELECTION PRACHAR

રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચાર પડઘમ આજે સાંજે શાંત થશે. ત્યારબાદ રાજકીય પક્ષોના ઉમેદવારો રાત્રિ સભા અને ડોર ટુ ડોર પ્રચાર કરશે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મતદાનના 48 કલાક પહેલા એટલે કે આજે સાંજે 5 કલાક બાદ તમામ માધ્યમોથી કરવાના ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ મુકાયો છે. ઉમેદવારો જાહેર સભા, રેલી, સરઘસ, લાઉડસ્પીકર દ્વારા પ્રચાર કરી શકશે નહીં. ઉલ્લેખનીય છે કે 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત, 260 તાલુકા પંચાયત અને 11 નગરપાલિકાઓની ખાલી પડેલી બેઠકો પર રવિવારે મતદાન થશે.

## POLITICAL CAMPAIGN

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે રાજકીય પક્ષોનો ઝંઝાવતી પ્રચાર છેલ્લા તબક્કામાં પહોંચ્યો છે. ભાજપ, કૉંગ્રેસ, આમ આદમી પાર્ટી અને ઑલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન – AIMIM સહિતના રાજકીય પક્ષના નેતાઓ ચૂંટણી સભાઓ ગજવી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ અમદાવાદમાં બાપુનગર અને ઈન્ડિયા કૉલોજની વૉર્ડમાં રોડ શૉ યોજ્યો. બંને નેતાએ ખૂલ્લી જીપમાં રેલી યોજી લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ અમદાવાદ ગઈ વખત કરતા આ વખતે સારું પરિણામ આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

તો, કૉંગ્રેસના નેતા શહેજાદખાન પઠાણે ચાર ઉમેદવાર સાથે અમદાવાદના વિવિધ વિસ્તારમાં બાઈક રેલી યોજી. દરમિયાન તેમણે કૉંગ્રેસ બહુમત મેળવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

બીજી તરફ, આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ સુરતમાં પત્રકાર પરિષદને સંબોધતા તેમના પક્ષને લોકો માટે મહત્વનો વિકલ્પ ગણાવ્યો.

ઉલ્લેખનીય છે કે, રાજ્યભરમાં આ રવિવારે 49 હજાર 591 મતદાન મથક પર ચાર કરોડ 19 લાખથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.

## ARVALLI ELECTION PREPARATION

અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને જિલ્લા ચૂંટણી વિભાગ સજ્જ બન્યું છે. અરવલ્લી જિલ્લામાં જિલ્લા પંચાયત 30, તાલુકા પંચાયતની 140 જ્યારે મોડાસા અને બાયડ નગરપાલિકા વિવિધ બેઠકો માટે રવિવારે મતદાન યોજાશે.. ત્યારે જિલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર પ્રશસ્તિ પારીકે નાગરિકોને મોટી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરી છે.

## SURENDRAGAR ELECTION

રવિવારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત મતદાન યોજાનાર છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં ચૂંટણીનો માહોલ કેવો છે અને જિલ્લા વહીવટી તંત્રની તૈયારી કેવી છે તે અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ..

## PNC LOCAL BODIES ELECTION

પંચમહાલમાં ગોધરા નગરપાલિકાની ચૂંટણી હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી છે. ગોધરાની ચાર બેઠક બિનહરીફ જાહેર થતા હવે 40 બેઠક માટેની ચૂંટણીમાં 117 ઉમેદવાર મેદાનમાં છે. એટલે હવે ભાજપના 27, કોંગ્રેસના સાત, આમ આદમી પાર્ટીના 22 અને 61 અપક્ષ ઉમેદવાર વચ્ચે મુકાબલો થશે.

અમારા પ્રતિનિધિ વિપુલ પૂરોહિત જણાવે છે, ચૂંટણીના આ રસપ્રદ જંગમાં સ્થાનિક ચહેરાઓ વધુ અસરકારક બનતા નજરે પડી રહ્યા છે. જ્યારે અપક્ષ ઉમેદવારો નિર્ણાયક ભૂમિકા ભજવી શકે તેવી સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે.

## MATDAN JAGRUTI OVERALL

સુરેન્દ્રનગરમાં સાયલા તાલુકાના સાપર ખાતે મતદાન જાગૃતિ યાત્રા યોજાઈ. તેમાં શાળાની ધોરણ છથી 11માં ભણતી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલયની આ વિદ્યાર્થિનીઓએ મતદાન જાગૃતિના સૂત્રો લખેલા ભીંતચિત્રો સાથે ગામના મુખ્ય માર્ગો પર ફરી લોકોને જાગૃત કર્યા. ઉપરાંત તેમણે સ્વહસ્તે બનાવેલાં વિવિધ ચિત્રો દ્વારા લોકો મતદાનનું મહત્વ પણ સમજાવ્યું.

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવાર 26-મી એ તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે.

આ કાર્યક્રમ માટે લોકો ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય GOV ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન તેમજ 1922 પર મિસ્ડ કૉલ કરીને સીધા જ પ્રધાનમંત્રીને પોતાના વિચાર અને મંતવ્ય મોકલી શકે છે. આ મંતવ્ય મોકલવાનો આજે છેલ્લો દિવસ છે.